## 1. સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ સમજાવો.

- દરેક વિજ્ઞાનને પોતાનું વિષયવસ્તુ હોય છે. નિયત કરવામાં આવેલી સીમારેખામાં જેજે બાબતોનો સમાવેશ કરવામાં આવે તે સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ છે. 'વિષયવસ્તુ' શબ્દના ઘણા સમાનાર્થી શબ્દો છે. દા. ત., વિષયક્ષેત્ર, વિષયસામગ્રી, અભ્યાસક્ષેત્ર, કાર્યક્ષેત્ર, અભ્યાસવસ્તુ, અભ્યાસ સામગ્રી વગેરે.
- માનવસમાજને લગતી જે કોઈ ઘટનાઓનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે તેનો સમાવેશ સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં થાય છે. સામાજિક સંબંધો અને સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરતું સમાજશાસ્ત્ર આપણી આજુબાજુનાં અનેક સામાજિક પાસાઓને સમાવી લે છે. સમાજશાસ્ત્ર સમાજનું સાતત્ય જાળવનાર અને સામાજિક પરિવર્તન લાવનારાં પરિબળોનો અભ્યાસ કરે છે.
- સમાજશાસ્ત્ર સમાજજીવનના મૂળભૂત એકમો, પાયાની સામાજિક સંસ્થાઓ, તેમની પ્રક્રિયાઓ અને તેમની સમસ્યાઓનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રી એલેક્ષ ઈંકલિસે સમાજશાસ્ત્રના વિષયવસ્તુનું સવિસ્તર વર્ણન કર્યું છે, જે નીચે મુજબ છે.
- 1. સમાજના મૂળભૂત એકમોનો અભ્યાસ : ને સમાજમાં વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતું અર્થપૂર્ણ વર્તન, સમાજમાં માનવી  માનવી વચ્ચેના સંબંધો, વ્યક્તિવ્યક્તિ, વ્યક્તિજૂથ અને જૂથ જૂથ વચ્ચેની સામાજિક આંતરક્રિયા, જુદા જુદા સમાજનાં ધોરણો, સમાજમાં વ્યક્તિનું સ્થાન, તેના સામાજિક દરજ્જાઓ અને સામાજિક ભૂમિકાઓ, સામાજિક માળખું, માનવસમાજને માનવેતર સમાજથી જુદો પાડનારી અને વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર સંસ્કૃતિનો અભ્યાસ.  સમાજના જુદા જુદા સામાજિક સમૂહો, તેમના પ્રકાર અને લક્ષણો તથા જુદા જુદા સામાજિક સમૂહો વચ્ચેના આંતરિક સંબંધોનો અભ્યાસ.
- સમાજમાં નાના મોટા કે વિશિષ્ટ સમુદાય હોય છે. આ સમુદાયોને પોતાનું વિશિષ્ટ સમાજજીવન અને આગવી સંસ્કૃતિ હોય છે. આવા ગ્રામ સમુદાય, નગર સમુદાય, આદિવાસી સમુદાય વગેરે સમુદાયનો અભ્યાસ. માનવી વિવિધ સમૂહમાં જીવન ગુજારે છે. આ સમૂહો સમય જતાં મંડળનું સ્વરૂપ ધારણ કરે છે.આવાં મંડળોની કેટલીક કાર્યપ્રણાલીઓ સમય જતાં એની સાથે જોડાય છે, જેથી સમાજમાં સંગઠનો રચાય છે. સંગઠનો માનવીની વિવિધ જરૂરિયાતો સંતોષે છે. આવાં આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય, વ્યાવસાયિક વગેરે સંગઠનોનો અભ્યાસ. સમાજની વસ્તીવિષયક લાક્ષણિકતાઓનો અભ્યાસ. વસ્તીશાસ્ત્રનું સ્વરૂપ, વિભાવનાઓ, વસ્તીવૃદ્ધિ, કબનિયોજન વગેરેનો અભ્યાસ.
- 2. પાયાની સામાજિક સંસ્થાઓનો અભ્યાસ :  કુટુંબ સંસ્થાનો અભ્યાસ જેમાં કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, સગાઈસંબંધો વગેરેનો સમાવેશ થાય છે. કે આર્થિક સંસ્થાઓનો અભ્યાસ જેમાં વેપાર અને વાણિજ્ય, ઉદ્યોગો અને ઔદ્યોગિક સમૂહો, બેંકો, વ્યાવસાયિક જૂથો વગેરેનો સમાવેશ થાય છે. રાજકીય સંસ્થાઓનો અભ્યાસ જેમાં વિવિધ સરકાર, રાજ કીય પક્ષો, રાજકીય પ્રશ્નો, ધારાસભાઓ, પંચાયતી રાજ વગેરેનો સમાવેશ થાય છે.
- કાનૂની સંસ્થાઓનો અભ્યાસ જેમાં બંધારણ, કાયદાઓ, કાનૂની વ્યવસ્થા અને સામાજિક પરિવર્તનનો સમાવેશ થાય છે. ધાર્મિક સંસ્થાઓનો અભ્યાસ જેમાં વિવિધ ધર્મો, સંપ્રદાયો અને તેમાં ઉપસ્થિત થતા તણાવના અભ્યાસનો સમાવેશ થાય જ્ઞાતિ વ્યવસ્થાનો અભ્યાસ જેમાં વિવિધ જ્ઞાતિઓના ઉદ્ભવ, વિકાસ અને તેની લાક્ષણિકતાઓના અભ્યાસનો સમાવેશ થાય શિક્ષણ સંસ્થાઓનો અભ્યાસ જેમાં શાળાઓ, મહાશાળાઓ, યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ તથા સામાજિક પરિવર્તનના પરિબળ તરીકે શિક્ષણનું સ્થાન અને તેનું મહત્ત્વ વગેરેના અભ્યાસનો સમાવેશ થાય છે.

- 3. પાયાની સામાજિક પ્રક્રિયાઓનો અભ્યાસ : સહકાર, અનુકૂલન, આત્મસાતીકરણ વગેરે જેવી સમાજના જુદા જુદા એકમોને સુગ્રથિત કરતી પ્રક્રિયાઓ તેમજ સંઘર્ષ અને સ્પર્ધા જેવી સમાજના જુદા જુદા એકમોને વિભાજિત કરતી સામાજિક પ્રક્રિયાઓનો અભ્યાસ.
- સમાજના સભ્યોને સમાજવ્યવસ્થાને અનુરૂપ સમાજમાન્ય વર્તનો અને સામાજિક ધોરણો શીખવતી સમાજીકરણની પ્રક્રિયાઓનો અભ્યાસ. આ સમાજીકરણની પ્રક્રિયાના સંદર્ભમાં કુટુંબ, મિત્રજૂથ, શાળા, પડોશ વગેરેના અભ્યાસનો સમાવેશ થાય છે. સમાજે સ્વીકારેલાં ધોરણોથી અલગ વર્તન કરવા પ્રેરણા આપતી સામાજિક વિચલનની પ્રક્રિયા અને સામાજિક ધોરણોનો અભ્યાસ. સામાજિક વિચલનને અંકુશમાં રાખવા માટેની સામાજિક નિયંત્રણની પ્રક્રિયાઓનો અભ્યાસ.

## 2. સમાજશાસ્ત્રનો શબ્દાર્થ સમજાવી, સમાજશાસ્ત્રના ઉદ્દભવ વિશે નોંધ લખો.

- સમાજશાસ્ત્રનો શબ્દાર્થ : સમાજશાસ્ત્રને અંગ્રેજી ભાષામાં 'Sociology' કહેવામાં આવે છે. Sociology શબ્દ મૂળ લેટિનભાષાના 'Socious' અને ગ્રીક ભાષાના 'Logos' શબ્દ પરથી બન્યો છે. ‘Socious' શબ્દનો ગુજરાતી ભાષામાં ‘સમાજ સાથે સંકળાયેલું અને ‘Logos' શબ્દનો ગુજરાતી ભાષામાં નો અભ્યાસ, નું જ્ઞાન, વિજ્ઞાન' અર્થ થાય છે.‘Sociology' શબ્દનો ગુજરાતી ભાષામાં ‘સમાજ સાથે સંકળાયેલી બાબતોનો અભ્યાસ', ‘સમાજ સાથે સંકળાયેલું જ્ઞાન' અથવા ‘સમાજ સાથે સંકળાયેલું વિજ્ઞાન' એમ અર્થ થાય છે. આમ, 'Sociology' શબ્દની વ્યુત્પત્તિની દષ્ટિએ ‘સમાજશાસ્ત્ર એટલે સમાજ સાથે સંબંધિત હકીકતોનું વૈજ્ઞાનિક અધ્યયન'.
- સમાજશાસ્ત્રનો ઉદ્ભવ : ‘સમાજના અભ્યાસ અંગેનું ચિંતન માનવજાત જેટલું જૂનું છે. પ્લેટોથી શરૂ કરીને સેંટ સીમોન સુધીના વિચારકોએ 'સમાજ' અંગે ઊંડાણપૂર્વક ચિંતન કર્યું છે.  સમાજશાસ્ત્રનો એક સ્વતંત્ર ‘સામાજિક વિજ્ઞાન' તરીકેનો ઉદ્ભવ 19મી સદીના પૂર્વાર્ધમાં પશ્ચિમ યુરોપમાં થયો હતો.  સમાજશાસ્ત્રના ઉદ્ભવમાં પશ્ચિમના દેશોના સમાજના વિશિષ્ટ સંજોગોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.
- 18મી અને 19મી સદીમાં પશ્ચિમ યુરોપમાં આવેલાં સામાજિક પરિવર્તનો, નવજાગૃતિ, ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ, ફ્રાન્સની રાજયક્રાંતિ તથા યુરોપના દેશોમાં થયેલાં રાજકીય પરિવર્તનોએ સમાજશાસ્ત્રના ઉદ્ભવ માટે વૈચારિક, સામાજિક અને આર્થિક ભૂમિકાઓ પૂરી પાડી. આ બધાં પરિબળોને કારણે સમાજજીવનમાં અનેકવિધ સામાજિક અને આર્થિક પરિવર્તનો આવ્યાં. આ પરિવર્તનોને કારણે સર્જાયેલા પ્રશ્નો અને તેની સમસ્યાઓનો ઉકેલ પરંપરાગત ધાર્મિક જ્ઞાન અને તત્ત્વજ્ઞાન લાવી શક્યું નહિ. ઔદ્યોગિક ક્રાંતિના કારણે નવા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ.
- આ ઉદ્યોગોમાં કામ કરતા શ્રમજીવીઓના શોષણના પ્રશ્નો ઊભા થયા.ફ્રાન્સમાં લૂઈ રાજાઓની અન્યાયી શાસનવ્યવસ્થાના કારણે સામાજિક અવ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થઈ.ફ્રાન્સમાં ક્રાંતિ થતાં પરંપરાગત રાજાશાહીનો અંત આવ્યો અને રાજકીય સંસ્થાઓમાં પરિવર્તન આવ્યાં.
- વૈજ્ઞાનિક શોધખોળો અને નવા દરિયાઈ માર્ગના શોધના પરિણામે વિશ્વનાં જુદાં જુદાં રાષ્ટ્રો એકબીજાના સંપર્કમાં આવ્યા. વિશ્વના સમાજો વચ્ચેના સંપર્કો સરળ બનતાં એક નવું વિવુ અસ્તિત્વમાં આવ્યું. આ બધાં પરિબળોને યથાર્થ રીતે સમજવાં હોય તો માનવીના સમાજજીવનનો વસ્તુલક્ષી અને વૈજ્ઞાનિક અભિગમથી તથા વ્યવસ્થિત પદ્ધતિથી અભ્યાસ થાય તે આવશ્યક અને અનિવાર્ય બન્યું. સમાજમાં સુવ્યવસ્થા જળવાય અને સમાજ પ્રગતિ કરે

એ ઉદેશથી ફ્રાન્સના વિદ્વાન દાર્શનિક ઑગસ્ટ ક્રાંતે સૌપ્રથમ વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી સમાજને વરસ્તુલક્ષી રીતે સમજવાનો અભ્યાસ કર્યો  ઑગસ્ટ કાંતને લાગ્યું કે કુદરતી ઘટનાઓની જેમ સમાજમાં બનતી તમામ ઘટનાઓનો પણ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થઈ શકે છે.

- ઈ. સ. 1830થી 1842 દરમિયાન ઑગસ્ટ કંતે 'Positive Philosophy' નામની ગ્રંથશ્રેણીના છ ભાગ લખ્યા, જેમાં તેમણે સમાજના વૈજ્ઞાનિક અભ્યાસ અંગેના વિવિધ સિદ્ધાંતો રજૂ કર્યા.  ઑગસ્ટ કાંતે સમાજ અંગેના પોતાના આ વૈજ્ઞાનિક અભ્યાસને સૌપ્રથમ ‘સામાજિક ભૌતિકશાસ્ત્ર’ (Social Physics) નામ આપ્યું. પરંતુ વધુ વિચારણાને અંતે તેમને આ શીર્ષક પોતાના અભ્યાસ અંગે બંધબેસતું લાગ્યું નહિ.આથી તેમણે ઈ. સ. 1839માં પોતાના અભ્યાસને ‘સામાજિ ક ભૌતિકશાસ્ત્ર’ના બદલે ‘સમાજશાસ્ત્ર’, નામ આપ્યું. આથી ઑગસ્ટ કાંતને ‘સમાજશાસ્ત્રના પિતા’ તરીકે ઓળખવામાં આવે છે.
- સમાજશાસ્ત્ર વિષયના ઉદ્ભવમાં ફ્રાન્સના ઇમાઇલ દુખ્રિમનું મહત્ત્વનું સ્થાન છે. તેઓ સમાજશાસ્ત્રના પ્રથમ પ્રાધ્યાપક હતા.  સમાજશાસ્ત્રની વિશિષ્ટ પરંપરાઓનો વિકાસ કરવામાં ઇંગ્લેન્ડના હૉન ટુઅર્ટ મિલ અને હર્બર્ટ સ્પેન્સર, જર્મનીમાં કાર્ય માર્કસ અને મેક્સવેબરે ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે.
- શરૂઆતના સમયગાળામાં આ સૌ સમાજશાસ્ત્રીઓએ આપેલા અનન્ય પ્રદાનને કારણે તેઓ ‘પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓ’ તરીકે ઓળખાય છે. ફ્રાન્સ, ઇંગ્લેન્ડ અને જર્મની બાદ સમાજશાસ્ત્ર વિશ્વના અન્ય દેશોમાં શરૂ થયું અને વિકાસ પામ્યું.ઉચ્ચ શિક્ષણના ભાગરૂપે વિશ્વની અનેક યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસ શરૂ થયો.
- યુનિવર્સિટીના સમાજ શાસ્ત્રના વિભાગોએ આ ક્ષેત્રે અનેક સંશોધનો કર્યા. સામાજિક સંશોધનની સંસ્થાઓએ આ કાર્યમાં સહકાર આપ્યો.  જુદા જુદા દેશોની સરકારોએ પોતાના દેશના સામાજિક અને આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે સમાજશાસ્ત્રીઓના અભ્યાસનો અને સંશોધન માહિતીઓનો ઉપયોગ કર્યો.  આમ, સમાજશાસ્ત્રનો વૈશ્વિક સ્તરે ઉદ્ભવ અને વિકાસ થયો.

### 3. ઇમાઇલ દુખ્રિમ અને મેક્સવેબરનું સમાજશાસ્ત્રમાં પ્રદાન જણાવો.

- ઇમાઇલ દુખ્રિમ(18581917)નો જન્મ ફ્રાન્સના વોરાજી પ્રદેશમાં આવેલા લોરેન એમિનલ ખાતે 13 એપ્રિલ, 1858ના રોજ યહૂદી કુટુંબમાં થયો હતો. તેમણે શરૂઆતનું શિક્ષણ સ્થાનિક શાળા અને કૉલેજમાં લીધું અને ઉચ્ચ શિક્ષણ પૅરિસની ઈકોલે પૉલિટેનિક’માં લીધું હતું.  તેઓ ઈ. સ. 1906માં ફ્રાન્સની ‘પૅરિસ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયના સૌપ્રથમ પ્રાધ્યાપક બન્યા.
- દુખ્રિમે તેમના સમયના શિક્ષણ, ધર્મ, અપરાધ, ન્યાય, આપઘાત, કુટુંબ, લગ્નવિચ્છેદ, ઔદ્યોગિક સંઘવાદ, રાજકીય સુધારણા વગેરે પ્રશ્નો પર સંશોધન કરી અભ્યાસલેખો લખ્યા. તેમણે મધ્ય આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ગિયાનાના આદિવાસીઓ વિશે અભ્યાસલેખો પણ લખ્યા છે.
- દુખ્રિમે સમાજશાસ્ત્રનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરી તેને ‘આધુનિક સામાજિક વિજ્ઞાન’ તરીકે રજૂ કર્યું. દુખિમે તેમના પુસ્તક 'The Rules of Sociological Method' માં ‘સામાજિક તથ્યો’ની સમજૂતી આપીને સમાજ શાસ્ત્રના પદ્ધતિશાસ્ત્રમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. દુખ્રિમના મતે સમાજશાસ્ત્ર માત્ર સમાજનું પૃથક્કરણ નથી કરતું પરંતુ તે સામાજિક જીવન જીવવાની કલા છે. સમાજશાસ્ત્ર જીવંત વ્યક્તિઓના સમૂહનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.  દખ્રિમે વ્યક્તિ અને સમૂહે વચ્ચેના સંબંધોના કારણે સમુહની યુતિ પર શું અસર થાય છે

તેનો આધારે સામાજિક તથ્યોનો ખ્યાલ રજૂ કર્યો. તેમના મતે 'સામાજિક તથ્યો' સમૂહ જીવનમાંથી ઉદભવે છે ભારતીય સમાજમાં રિવાજો, પરંપરાઓ, લોકરીતિઓ, કૃતિઓ વગેરે સામાજિક તથ્યોનાં ઉદાહરણો છે.

- સામાજિક તથ્યો વ્યક્તિઓની બહાર, તેમનાથી અલગ એક આગવું અસ્તિત્વ ધરાવે છે અને બહાર રહીને વ્યક્તિઓને ચોક્કસ રીતે વર્તન કરવાની ફરજ પાડે છે તેમજ તેમના વર્તનનું નિયંત્રણ પણ કરે છે. આવાં તથ્યોનું વસ્તુલક્ષી રીતે નિરીક્ષણ કરી શકાય છે.
- દુર્ખિમે સામાજિક તથ્યોના ખ્યાલ ઉપરાંત શ્રમવિભાજન, આપઘાત. ધર્મ, સામાજિક એકતા, સામૂહિક પ્રતિનિધિત્વ વગેરે સિદ્ધાંતો આપી સમાજશાસ્ત્રના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. મેક્સવેબર(18841920)નો જન્મ જર્મનીના બર્લિન શહેરમાં 21 એપ્રિલ, 1864ના રોજ શ્રીમંત કુટુંબમાં થયો હતો. મેક્સવેબરનું સમાજશાસ્ત્રમાં મુખ્ય પ્રદાન 'સામાજિક ક્રિયા' છે. તેમના મતે સમાજશાસ્ત્રનું મુખ્ય અભ્યાસવિષય સામાજિક ક્રિયા છે. સામાજિક ક્રિયા સમાજશાસ્ત્રને વિજ્ઞાન'નો દરજ્જો આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.
- મેક્સવેબરે 'આદર્શ પ્રકાર' અભ્યાસ પદ્ધતિ રજુ કરી હતી. જેના દ્વારા તેમણે પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાન વચ્ચેનો તફાવત દૂર કરીને બંને વિજ્ઞાનો વચ્ચે સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો હતો. તેમની આ અભ્યાસપદ્ધતિ સામાજિક સંશોધનમાં ઉપયોગી પુરવાર થઈ છે. સામાજિક ક્રિયા' એટલે સમાજમાં વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અર્થપૂર્ણ ક્રિયા, સમાજશાસ્ત્ર વ્યક્તિના વર્તનને સમજવા માટે વ્યક્તિ જે હેતુથી પ્રેરાઈને વર્તન કરતી હોય તેનું અર્થઘટન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- મેક્સવેબરે ખ્રિસ્તી ધર્મના કૅથલિક અને પ્રોટેસ્ટંટ સંપ્રદાયને અનુસરતા લોકો વચ્ચેનો તફાવત દર્શાવ્યો છે. કૅથલિક લોકો પરંપરાગત વલણ ધરાવે છે. આથી તેઓ પરંપરાગત વ્યવસાયમાં વધુ જોડાય છે. જ્યારે પ્રોટેસ્ટંટ લોકો વધુ પડતા મૂડીવાદી સાહસ કરનારા છે અને તેઓ વહીવટી સ્થાનો ભોગવે છે. આ બંને વચ્ચેની ભિન્નતામાં તેમને વારસામાં મળેલું ધાર્મિક શિક્ષણ અને મૂલ્યને ગણાવી શકાય. મેક્સવેબરે 'નેતાઓ' સમૂહ પર કેવી અસર કરે છે તે જાણવા માટે 'સત્તાનો ખ્યાલ' રજૂ કર્યો હતો. તેમણે સત્તાના ત્રણ પ્રકાર દશાબા હતા : (1) બૌદ્ધિ સત્તા, (2) પરંપરાગત સત્તા અને (3) વિભૂતિમાન સત્તા મેક્સવેબરે તેમની 'આદર્શ પ્રકારની અભ્યાસ પદ્ધતિ'ના આમ નોકરશાહીની લાક્ષણિકતાઓ રજૂ કરી હતી. મેક્સવેબરે વિશ્વના જદા જુદા ધમૌનો તુલનાત્મક અભ્યાસ કરતા જણાવ્યું કે, 'અર્થવ્યવસ્થા પર ધર્મનો પ્રભાવ હોય છે.'

### 4. ગુજરાતમાં સમાજશાસ્ત્રના વિકાસની માહિતી આપો.

- ભારતના વિશ્વવિદ્યાલયની જેમ ગુજરાતનાં વિશ્વ વિદ્યાલયોમાં પણ સમાજશાસ્ત્રના અભ્યાસનો વિકાસ થયો. ગૂજરાત વિદ્યાપીઠમાં નાતક અને અનુસ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ; એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત; સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટકૃષ્ણ કુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તથા ગુજરાતની મોટા ભાગની બધી યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્રનો અભ્યાસ શીખવવામાં આવે છે.
- મેડિકલ, નર્સિંગ વગેરે અભ્યાસક્રમોમાં એક વિષય તરીકે સમાજશાસ્ત્ર શીખવવામાં આવે છે. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ 11 અને 12ના સામાન્ય પ્રવાહના વિનયન વિભાગમાં એક વિષય તરીકે સમાજશાસ્ત્ર

શીખવવામાં આવે છે. સુરતમાં ડૉ. આઈ. પી. દેસાઈ (ડૉ. ઈશ્વરભાઈ પ્રાગજીભાઈ દેસાઈ) એ સ્થાપેલી સંસ્થા 'સેન્ટર ફૉર સોશિયલ સ્ટડિઝ' ગુજરાતમાં સર્જનાત્મક સામાજિક સંશોધનોને પ્રોત્સાહન આપે છે. આ સંસ્થાના સામયિક 'અર્થાતુ'માં ગુજરાતના સંશોધકોના સંશોધન લેખો પ્રકાશિત કરવામાં આવે છે.

- ગુજરાતમાં સમાજ શાસ્ત્રના વિકાસમાં એન, એ, થ થી, આઈ. પી. દેસાઈ, અક્ષય કુમાર દેસાઈ, નીરાબહેન દેસાઈ, તારાબહેન પટેલ, એ. એમ. શાહ વગેરે સમાજશાસ્ત્રીઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

### 5. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

- સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર એકબીજા સાથે ખુબ નજીકથી જોડાયેલાં છે. આથી સમાજશાસ્ત્રને માનવશાસ્ત્રથી બહુ સરળતાથી જુદું પાડી શકાતું નથી. કે માનવશાસ્ત્ર માનવીની ઉત્પત્તિ, વિકાસ અને તેનાં સર્જનોનો અભ્યાસ કરનારું વિજ્ઞાન છે. જ્યારે સમાજશાસ્ત્ર સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. માનવશાસ્ત્ર માનવીના પ્રારંભથી તેનાં સાંપ્રત જીવન સુધીના તમામ પાસાંને સમજવાનો પ્રયત્ન કરે છે. માનવશાસ્ત્રની ત્રણ શાખા છે :
- (1) શારીરિક માનવશાસ્ત્ર, (2) સાંસ્કૃતિક માનવશાસ્ત્ર અને (3) પુરાતત્ત્વીય માનવશાસ્ત્ર. શારીરિક માનવશાસ્ત્ર માનવીના શરીરની રચના, તેનાં શારીરિક લક્ષણો, જાતિઓ અને જાતિઓ વચ્ચેના તફાવતનો અભ્યાસ કરે છે. સાંસ્કૃતિક માનવશાસ્ત્ર માનવીના આચારવિચાર, રૂઢિઓ,જીવનશૈલી, પ્રવૃત્તિઓ, સર્જનો, કલા, હુન્નર, દંતકથાઓ, માન્યતાઓ, શ્રદ્ધા, ધર્મ, કુટુંબ, લગ્ન વગેરેનો અભ્યાસ કરે છે.
- પુરાતત્ત્વીય માનવશાસ્ત્રમાં પુરાતન સંસ્કૃતિનો ઉદ્દભવ, સભ્યતા અને તેના વિકાસનો અભ્યાસ થાય છે. સમાજશાસ્ત્ર માનવસમાજનો અભ્યાસ કરે છે તેમાં સમાજની રચના અને કાર્ય, વિભિન્ન જૂથો, જૂથ સંબંધો અને તેમાં આવતાં પરિવર્તનોનો અભ્યાસ કરે છે. આમ, માનવશાસ્ત્ર એ સમાજશાસ્ત્રના અભ્યાસની પૂર્વતૈયારીનો તબક્કો છે. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્ર અને દ્દષ્ટિકોણમાં તફાવત હોવા છતાં બંને વિજ્ઞાનો માનવી અને તેના જીવન સાથે જોડાયેલાં હોવાથી એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે.
- સમાજશાસ્ત્ર વર્તમાનના અભ્યાસમાં રસ ધરાવે છે, તો માનવશાસ્ત્ર ભૂતકાળના અભ્યાસમાં રસ ધરાવે છે. માનવશાસ્ત્ર માનવીનાં શારીરિક લક્ષણો અને તેની સંસ્કૃતિને સમજવાનો પ્રયત્ન કરે છે; જ્યારે સમાજશાસ્ત્ર માનવસમાજ, જૂથો, સંસ્થાઓ, સામાજિક પ્રક્રિયાઓ વગેરેનો અભ્યાસ કરે છે. માનવસમાજ અને તેના સામાજિક સંબંધોનો અભ્યાસ કરવો હોય તો સંસ્કૃતિની સમજ મેળવવી જરૂરી છે. આથી માનવશાસ્ત્રના અભ્યાસ વગર સમાજ શાસ્ત્રનો અભ્યાસ અપૂર્ણ છે.

### 6. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેના સંબંધની માહિતી આપો.

- માનવી પોતાની જરૂરિયાતોને સંતોષવા વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે આર્થિક પ્રવૃત્તિ કરે છે. અર્થશાસ્ત્ર વ્યક્તિ અને સમાજની આર્થિક પ્રવૃત્તિ અને તેમાંથી ઉદ્ભવતા આર્થિક પ્રશ્નોનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર વસ્તુની ઉત્પત્તિ અને તેનું વિતરણ, વિતરણના પ્રકારો, તેમાં આવતાં પરિવર્તનો, માંગ અને પુરવઠો, વસ્તુનું મૂલ્ય, રાષ્ટ્રીય આવક, આર્થિક સંગઠનોનો ઉદ્ભવ, વિકાસ અને તેના લાભાલાભ વગેરે બાબતોનો અભ્યાસ કરે છે.
- જ્યારે સમાજશાસ્ત્ર સામાજિક સંબંધો અને સમાજમાં બનતી ઘટનાઓનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિષયક્ષેત્ર અને અભિગમ અલગ હોવા છતાં બંને એકબીજા સાથે જોડાયેલાં છે. માનવીની આર્થિક પ્રવૃત્તિ તે જે સમાજમાં રહે છે તે સમાજમાં જ ઉદભવે છે અને વિકાસ પામે છે. આથી સમાજ આર્થિક ક્રિયાઓથી

અને આર્થિક ક્રિયાઓ સમાજથી અસર પામે છે, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર બેકારી, ગરીબી, વસ્તીવૃદ્ધિ વગેરે જેવી સમસ્યાઓનો અભ્યાસ કરે છે.

- અર્થશાસ્ત્ર બેકારીની સમસ્યા માટે કયાં આર્થિક પરિબળો જવાબદાર છે તેનો અભ્યાસ કરે છે, જ્યારે સમાજશાસ્ત્ર બેકારીની સમસ્યાનાં સામાજિક પાસાઓનો અભ્યાસ કરે છે. આમ, બંને સામાજિક વિજ્ઞાનોના દષ્ટિકોણ અલગ અલગ છે. માનવીની આર્થિક પ્રવૃત્તિને સમજવા માટે તેની સામાજિક પ્રવૃત્તિઓને અને સામાજિક પ્રવૃત્તિઓને સમજવા માટે તેની આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો જરૂરી છે. આમ, બંને સામાજિક વિજ્ઞાની સમસ્યાઓના અભ્યાસ માટે એકબીજાને મદદરૂપ થાય છે.

### 7. સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

- રાજ્યશાસ્ત્ર શાસક અને શાસિત વચ્ચેના સંબંધોની રીત તપાસે છે.રાજ્યશાસ્ત્રમાં મુખ્યત્વે સત્તાનું સર્જન, ઉપયોગ અને તેની વહેંચણીનો વિચાર કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર માનવીની રાજકીય પ્રવૃત્તિ, રાજકીય સંબંધો કે રાજકીય સંગઠનનો અભ્યાસ કરે છે.
- સમાજશાસ્ત્ર સમાજની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. રાજ્ય એ સમાજનું એક અંગ છે. આમ, રાજ્યનો અભ્યાસ કરતું રાજ્યશાસ્ત્ર અને સમાજનો અભ્યાસ કરતું સમાજશાસ્ત્ર પરસ્પર સંકળાયેલાં છે. રાજ્ય, રાજકીય સંસ્થાઓ, સરકાર, જાહેર વહીવટ વગેરે અંગેનારાજ્યશાસ્ત્રના અભ્યાસો સમાજશાસ્ત્રને ઉપયોગી બને છે. તે જ રીતે રાજ્ય, સરકાર વગેરેના સમાજશાસ્ત્રીય અભ્યાસો રાજ્યશાસ્ત્રને ઉપયોગી બને છે.
- રાજકીય સમાજશાસ્ત્રીઓ અને રાજ્યશાસ્ત્રીઓ મતદાન વર્તન, રાજકીય વલણો, રાજકીય પતનનાં રચનાતંત્રો, રાજકીય ગતિશીલતા, સામાજિક અને રાજકીય આંદોલનો તેમજ અમલદારશાહી જેવા સમાન મુદ્દાઓનો અભ્યાસ કરે છે. રાજ્યશાસ્ત્ર પોતાના સિદ્ધાંતો માટે સમાજ શાસ્ત્ર પર આધાર રાખે છે.

### 8. ટૂંક નોંધ લખો : ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ

- ભારતમાં સમાજ શાસ્ત્રનો સૌપ્રથમ અભ્યાસ ઈ. સ.1914માં મુંબઈ વિશ્વવિદ્યાલયમાં બ્રિટનના પ્રખ્યાત સમાજશાસ્ત્રી અને નગરનિયોજનના અભ્યાસુ પ્રો. પેટ્રિક ગીસના અધ્યક્ષપદે અનસ્નાતક વિભાગમાં શરૂ થયો. ઈ. સ. 1924માં ડૉ. ગોવિંદ સદાશિવ ધૂર્વે મુંબઈ વિશ્વવિદ્યાલયના સમાજ શાસ્ત્રના અનુસ્નાતે ક વિભાગના અધ્યક્ષ બન્યા.
- આમ, ઈ. સ. 1914થી 1947 સુધી સમાજશાસ્ત્રના અભ્યાસનું કેન્દ્ર મુંબઈ વિશ્વવિદ્યાલયનો અનુસ્નાતક વિભાગ રહ્યો. ડૉ. ધૂર્વે ઈ. સ. 1952માં સ્થપાયેલી 'ઇન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટી'ની શરૂઆત કરવાના પ્રેરણાસ્રોત રહ્યા હતા.
- આ ઉપરાંત તેમણે 'સોશિયોલોજિકલ બુલેટિન'માં મુખ્ય સંપાદક તરીકે મહત્ત્વની કામગીરી બજાવી હતી. તેમણે અનેક વિધાર્થીઓને શિક્ષણ આપીને આધુનિક સમાજશાસ્ત્રીઓ તૈયાર કર્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ 55 વિદ્યાર્થીઓએ પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે, આથી ડૉ. પૂર્વેને "ભારત સમાજશાસ્ત્રના પિતા" કહેવામાં આવે છે.
- ઈ. સ. 1917માં કોલકાતા વિશ્વવિદ્યાલયમાં વૃકેન્દ્રનાથ શીલના પ્રયત્નોથી અર્થશાસ્ત્રની સાથે સમાજશાસ્ત્ર વિષયનું અધ્યયન અને અધ્યાપનનું કાર્ય શરૂ થયું હતું. લખનઉ વિશ્વવિદ્યાલયમાં રાધાકમલ મુખરજી અને ડી.

પી. મુખરજીઓ સમાજશાસ્ત્રને વિકસાવવામાં અગત્યનો ફાળો આપ્યો. પૂણે વિશ્વવિદ્યાલયમાં ડૉ. ઇરાવતી કર્વેએ સમાજશાસ્ત્રના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

- ભારતમાં એમ. એન. શ્રીનિવાસ, એસ. સી. દુબે, એ. આર. દેસાઈ, ડી. પી. મુખરજી, ડેવિડ હાર્ડીમન, યોગેન્દ્ર સિંહ, એ. એમ. શાહ વગેરે સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે, ગાંધીજી, બાબાસાહેબ આંબેડકર વગેરે જેવા સમાજસુધારકો અને સામાજિક ચિંતકોએ ભારતીય સમાજને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે.
- ઈ. સ. 1947 પછી ભારતમાં અનેક વિશ્વવિદ્યાલયોએ સમાજશાસ્ત્ર વિષયને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ સ્થાન આપ્યું. આ ઉપરાંત 'ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ' (આઈ.સી.એસ.એસ. આર.) અને 'યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન'' (યુ.જી.સી.) દ્વારા ભારતમાં સામાજિક સંશોધન માટે નાણાકીય મદદ મળતાં અનેક સમાજશાસ્ત્રીય સંશોધનો થયાં છે.
- ભારતમાં સમાજ શાસ્ત્રીય દષ્ટિકોણથી અભ્યાસ કરનારા સમાજશાસ્ત્રીઓમાં કે. એમ. કાપડિયા, એમ. એન. શ્રીનિવાસ, એ. આર. દેસાઈ, એસ. સી. દુબ, ડી. એન. મજમુદાર, આઈ, પી. દેસાઈ, યોગેન્દ્ર સિંહ, અરવિંદ એમ. શાહ, આંદ્રે બેટાઈ, ડૉ. ઇરાવતી કર્વે, એમ. એસ. ગોરે, રામકૃષ્ણ મુખરજી, નીરાબહેન દેસાઈ, બ્રિજરાજ ચૌહાણ વગેરેનો સમાવેશ થાય છે.

### 9. ટૂંક નોંધ લખો : સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન

- મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. મનોવિજ્ઞાનની એક શાખા સમાજલક્ષી મનોવિજ્ઞાન છે. તે સમાજમાં રહેતી વ્યક્તિના વર્તનનો, જૂથના સભ્ય તરીકે વ્યક્તિના વર્તનનો અથવા વ્યક્તિનો તેના જથજીવન, જથનાં ધોરણો, મૂલ્યો, ધ્યેયો વગેરેના સંદર્ભમાં અભ્યાસ કરે છે.
- સમાજશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે, તે જુદાં જુદાં જૂથોની રચના અને કાર્યાં તપાસે છે. તે જુદાં જુદાં જુથો વચ્ચેના પારસ્પરિક સંબંધો અને સમાજમાં આવતું પરિવર્તન વગેરેનો અભ્યાસ કરે છે. મનોવિજ્ઞાન વ્યક્તિના અભ્યાસ સાથે અને સમાજશાસ્ત્ર સમાજ કે જૂથના અભ્યાસ સાથે સંકળાયેલાં છે. આ દષ્ટિએ બંને વિજ્ઞાનો વચ્ચે તફાવત છે, પરંતુ વ્યક્તિ અને સમાજ પરસ્પર સંબંધિત હોવાથી તેનો અભ્યાસ કરતાં આ બંને શાસ્ત્રો એકબીજા સાથે સમય ધરાવે છે.
- મનોવિજ્ઞાન વ્યક્તિના વ્યક્તિત્વમાં સંગઠિત થયેલા વર્તનનો તેમજ વ્યક્તિના શારીરિક, માનસિક અને વ્યક્તિગત અનુભવોની સંયુક્ત અસર દ્વારા ઘડાયેલા વર્તનનો અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર સમાજમાં સંગતિ થયેલા વર્તનનો તેમજ તેના જૂથ, તેની સંસ્કૃતિ, તેની પરિસ્થિતિ અને તેના સામાજિક સંગઠનના વર્તનનો અભ્યાસ કરે છે. ખામ; વ્યક્તિ, સમાજ અને જૂથનો અભ્યાસ કરતાં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર આ બંને શાસ્ત્રો એકબીજાં સાથે સંકળાયેલાં છે.
- સમાજશાસ્ત્ર વ્યક્તિત્વના અભ્યાસ અંગેની માહિતી મનોવિજ્ઞાન પાસેથી મેળવે છે, જ્યારે મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનને યથાર્થ રીતે સમજવા જૂથની માહિતી સમાજશાસ્ત્ર પાસેથી મેળવે છે. આમ, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં ગાઢ રીતે સંકળાયેલાં છે. લોકમત, વલણો, ટોળું વગેરેના સમાન અભ્યાસ પ્રશ્નોમાં બંને શાસ્ત્રો વચ્ચે કોઈ તફાવત નથી. સમાજશાસ્ત્રના અભ્યાસનું કેન્દ્ર જૂથ છે, જ્યારે મનોવિજ્ઞાનના અભ્યાસનું કેન્દ્ર વ્યક્તિ છે.

10.ટૂંક નોંધ લખો : ઑગસ્ટ કાંત

- ફ્રાન્સના સમાજવિજ્ઞાની ઑગસ્ટ કાંત(1798 1857)ને સમાજ શાસ્ત્રના આદ્યસ્થાપક' કે 'સમાજશાસ્ત્રના પિતા' ગણવામાં આવે છે. તેઓ 'સમાજશાસ્ત્ર' શબ્દનો ઉપયોગ કરનાર પ્રથમ વિદ્વાન વ્યક્તિ હતો. તેમનો જન્મ ફ્રાન્સના મોન્ત પેલિયર ખાતે 19 જાન્યુઆરી, 1798ના રોજ પરંપરાવાદી કૅથલિક કુટુંબમાં થયો હતો.
- તેમણે પ્રાથમિક શિક્ષણ તેમના ગામમાં જ લીધું હતું અને ઉચ્ચ શિક્ષણ પૅરિસની 'ઈકાલે પોલિટેનિક'માં લીધું હતું. ઑગસ્ટ કાંતના છ ખંડમાં પ્રકાશિત થયેલા પુસ્તક 'Positive Philosophy' માં સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર સામાજિક વિજ્ઞાન તરીકે રજૂ કરવામાં આવ્યું છે. તેમાં ત્રણ તબક્કાનો સિદ્ધાંત, વિજ્ઞાનનું વર્ગીકરણ, પ્રત્યક્ષવાદ, સામાજિક સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્રની રજૂ આત થઈ છે. ઑગસ્ટ કાંતના ચાર ખંડમાં પ્રકાશિત થયેલા પુસ્તક 'Positive Polity'માં તેમણે 'Pos/lve Philosophy'માં રજૂ થયેલા વિચારોને વધુ વિકસાવ્યા છે અને કેટલાક નવા વિચારો રજૂ કર્યા છે, તેમણે સામાજિક પુનર્નિર્માણની યોજના, માનવતાનો ધર્મ વગેરેની રજૂઆત કરી છે. તેમણે આ બે ગ્રંથશ્રેણીમાં સમાજની વ્યવસ્થા અને તેની પ્રગતિના અભ્યાસના વૈજ્ઞાનિક નિયમો રજૂ કર્યા છે.
- ઑગસ્ટ કાંતના મત અનુસાર સમાજે ઘડેલા નિયમોના કારણે જ સમાજના જુદા જુદા ઘટકો વચ્ચે એકતા જળવાય છે. આ જ 'સામાજિક વ્યવસ્થા' છે. સમાજમાં જો સામાજિક વ્યવસ્થાને જાળવી રાખવાના નિયમોનો અભાવ હોય, તો સમાજમાં અસ્થિરતા ઊભી થાય છે અને સામાજિક વિઘટનની તથા સામાજિક મૂલ્યોના પતનની પરિસ્થિતિ સર્જાય છે.
- સામાજિક વ્યવસ્થા અને સામાજિક પ્રગતિ એકબીજા સાથે જોડાયેલા છે. સામાજિક વ્યવસ્થાના ભોગે સામાજિક પ્રગતિ થઈ શકે નહિ. તેમણે સામાજિક વ્યવસ્થાની પ્રગતિનું વર્ણન કરવા માટે ત્રણ સ્તરનો નિયમ રજૂ કર્યો હતો (1) ધાર્મિક સ્તર, (2) આધિભૌતિક સ્તર અને (3) પ્રત્યક્ષ સ્તર. આ સમજૂતી દ્વારા તેમણે સમાજશાસ્ત્રને સામાજિક વ્યવસ્થા અને સામાજિક પ્રગતિ માટેના સિદ્ધાંતો અને નિયમોના અભ્યાસ કરનાર વિજ્ઞાન તરીકે રજૂ કર્યું. આ ઉપરાંત ઑગસ્ટ કાંતે નિરીક્ષણ, તુલના, પ્રયોગ અને ઐતિહાસિક પદ્ધતિઓના ઉપયોગ દ્વારા સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવાનું સમર્થન કર્યું. તથા સમાજમાં બનતી તમામ ઘટનાઓના કાર્યકારણ સંબંધોને તપાસવાની ભલામણ કરી. આમ, ઑગસ્ટ કાંતથી સમાજના વૈજ્ઞાનિક અધ્યયનનો પ્રારંભ થયો.